# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૩૨ | ૨૨ જુલાઈ, ૨૦૧૬, શુક્રવાર ; અષાઢ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# કાશ્મીર ઘાટીની સ્થિતિમાં સુધારો

**૪ જિલ્લાઓમાં સંચારબંધી ઉઠી : હજુ ખીણના છ જિલ્લાઓમાં સંચારબંધી યથાવત : જ્યાં સંચારબંધી ઉઠાવી લેવામાં આવી છે તે તમામ ચાર જિલ્લાઓમાં પણ સીઆરપીસીની કલમ ૧૪૪ અમલી : સ્કુલો પુનઃ શરૂ કરાઈ**




શ્રીનગર,તા. ૨૧

કાશ્મીર ખીણના હિસાગ્રસ્ત ૧૦ જિલ્લામાં છેલ્લા બે દિવસથી કોઈ મોટી ઘટના ન બનતા સંચારબંધી તબક્કાવાર રીતે હળવી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આજે કાશ્મીરના ચાર જિલ્લાઓમાં સંચારબંધી ઉઠાવી લેવામાં આવી હતી. જેથી સ્કુલો ફરી ખુલી ગઈ હતી પરંતુ ખીણના બાકીના છ જિલ્લાઓમાં લોકોની અવરજવર હજુ પણ બંધ રાખવામાં આવી છે. સાવચેતીના પગલાંરૂપે લોકોની અવરજવરને છ જિલ્લાઓમાં બંધ રાખવામાં આવી છે.જનજીવનને હવે રાબેતા મુજબ બનાવી દેવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. જે જિલ્લાઓમાં સંચારબંધી ઉઠાવી લેવામાં આવી છે તેમાં બાંદીપોરા, બારામુલા, બડગામ અને ગંદરબાલનો સમાવેશ થાય છે પરંતુ આ જિલ્લાઓમાં કલમ ૧૪૪ સીઆરપીસીની જારી રાખવામાં આવી છે. આનો મતલબ એ થયો કે ચારથી વધુ લોકો એકત્રિત થઈ શકશે નહીં. આ તમામ વિસ્તારોમાં સ્કુલો ફરી ખુલી શકે તે અંગેનો નિર્ણય કરાયા બાદ સંચારબંધી ઉઠાવવામાં આવી છે. ચારેય જિલ્લાઓમાં આજથી સ્કુલો ખોલી દેવામાં આવી હતી. અગાઉ સ્કુલો ૧૮મી જુલાઈથી ખોલવાની હિલચાલ હતી

● અનુસંધાન પાન-૭ પર

## માયાવતીના મામલે નિવેદન કરનાર દયાશંકર અંતે ફરાર

નવી દિલ્હી,તા. ૨૧

બહુજન સમાજપાર્ટીના નેતા અને પૂર્વ મુખ્યપ્રધાન માયાવતી સામે નિવેદન કરીને વિવાદ છેડનાર ભાપના દયાશંકર સિંહ હવે ફરાર થઈ ગયા છે. બીજી બાજુ આજે તેમના આવાસ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. જેથી ભારે ખળભળાટ મચી ગયો હતો. ભાજપમાં પણ તેમના નિવેદનથી નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. હવે દયાશંકરની ધરપકડના ભણકારા વાગી રહ્યા છે. ગઈકાલે જ તેમના નિવેદન બદલ દયાશંકરે માફી માગી લીધી હતી. જો કે તેમની સામે બસપના નેતાઓમાં આક્રોશ વધી રહ્યો છે.

## આજે રજનીકાંતની કાબલીની શાનદાર રિલિઝ

ચેન્નાઈ,તા. ૨૧

સુપર સ્ટાર અભિનેતા રજનીકાંતની આગામી ફિલ્મ કાબલીની રજુઆતને રોકવા માટેની માંગ કરીને દાખલ કરવામાં આવેલી અરજીને મદ્રાસ હાઈકોર્ટે આજે ફગાવી દીધી હતી. આ ઘટનાક્રમને નિર્માતાઓ માટે મોટી રાહત તરીકે ગણવામાં આવે છે. સાથે સાથે અભિનેતાના ચાહકો, કોર્પોરેટ હાઉસ અને કેટલિક અગ્રણી બ્રાન્ડ માટે પણ મોટા સમાચાર તરીકે છે. કારણ કે આ લોકો આવતીકાલના શો માટે જથ્થામાં ટિકિટ ખરીદી ચુક્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ ટિકિટના ભાવ રેકોર્ડ ઉંચી સપાટી પર પહોંચ્યા છે.

## આજે અરવિંદ કેજરીવાલ ઉનામાં પીડિતોને મળશે

ઉના, તા. ૨૧

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ પણ દલિત પર અત્યાચારના બનાવ બાદ આવતીકાલે ગુજરાતના ઉના ખાતે પહોંચી રહ્યા છે. અરવિંદ કેજરીવાલ સવારે રાજકોટ પહોંચી જશે. ત્યારબાદ સીધા ઉના જવા માટે રવાના થશે. અરવિંદ કેજરીવાલ બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ ઉના પહોંચશે અને ભોગ બનેલા લોકોને મળશે. કેજરીવાલ ભોગ બનેલા લોકો સાથે અને તેમના પરિવારના સભ્યો સાથે આશરે એક કલાક સુધી રોકાય તેવી શક્યતા છે. ત્યારબાદ રાજકોટ પણ જશે. ૧.૩૦ વાગ્યાની આસપાસ કેજરીવાલ રાજકોટ પહોંચશે અને હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા લોકોને મળશે. મોડેથી તેઓ ભોગ બનેલા લોકોને સાંજે મળનાર છે. કેજરીવાલના કાર્યક્રમને લઈને ગુજરાતની રાજનીતિમાં જોરદાર ગરમી આવી ગઈ છે. ગુજરાતમાં ૧૧મી જુલાઈના દિવસે દલિત સમુદાયના લોકો પર હુમલો કરવામાં આવ્યા બાદ આ સમગ્ર મામલો સપાટી પર આવ્યો છે. ગિર સોમનાથ જિલ્લાના ઉનામાં આ બનાવ બન્યો હતો. ત્યારબાદ આ બનાવ સામેના વિરોધમાં હિંસાની શરૂઆત થઈ હતી.



# આવકવેરાની કરચોરી રોકવા કડક પગલા

**૭ લાખ કરદાતા પાસે પાનની વિગત મેળવી લેવાનો નિર્ણય : આવકવેરા વિભાગ દ્વારા આક્રમક નિર્ણય બચતના ખાતામાં ૧૦ લાખથી ઉપરની રોકડ-હાઈવેલ્યુ લેવડદેવડ માટેના પત્રો મોકલાશે**

નવી દિલ્હી, તા.૨૧

કરચોરીને રોકવાની દિશામાં મહત્વપૂર્ણ પહલ કરીને ઈન્કમટેક્સ વિભાગે હવે સાત લાખ કરદાતાઓ પાસેથી પાનની વિગતો મેળવી લેવાનો નિર્ણય કર્યો છે. તેમના બચત બેંક ખાતામાં ૧૦ લાખ રૂપિયાથી વધુ ધરાવનાર અથવા તો હાઈ વેલ્યુ લેવડ દેવડ હાથ ધરનાર કરદાતાઓ પાસેથી પાનકાર્ડ અંગેની વિગતો માંગવામાં આવી છે. સાત લાખ કરદાતાઓને આ સંદર્ભમાં પત્રો જારી કરવામાં આવનાર છે. પ્રાપ્ત માહિતી મુજબ આઈટી વિભાગને હવે અંડર એન્યુઅલ ઈન્ફોર્મેશન રિટર્ન (એર) જુદા જુદા પ્રકારના હાઈવેલ્યુ ટ્રાન્જેકશન સહિતની વિગતો પુરી પાડવી પડશે. આ વિગતોમાં બચત બેંક ખાતામાં ૧૦ લાખ રૂપિયા અથવા તો તેનાથી વધુની રોકડ રકમ, વેચાણ અને ખરીદી જે ૩૦ લાખ અથવા તો તેનાથી ઉપરની સંપત્તિની છે તેની વિગત આપવી પડશે. આ ઉપરાંત પાન કાર્ડ નહીં ધરાવનાર પરંતુ જંગી ખરીદી કરનારને પણ જોડી દેવામાં આવ્યા છે. નાણા મંત્રાલય દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી છે. આઈટી વિભાગે ઈન હાઉસ

● અનુસંધાન પાન-૭ પર



જયા-પાર્વતી વ્રત - ભારતીય સંસ્કૃતિમાં બહેન-દીકરીઓ માટે જયા-પાર્વતીના વ્રતનો મહિમા અનોખો છે... આજે શુક્રવારે વ્રતનું સમાપન જાગરણ સાથે થશે... પૂજન-અર્ચનમાં પરમ તત્વને પ્રાર્થના કરાય છે કે આવતીકાલ ઉજ્જવળ બને, સલામત બને અને સમર્થ બને એવી શક્તિ અને સમજણ અમારામાં પ્રગટતી રહે...

# દલિત પીડિતોને સહાયની રાહુલની ખાતરી

**રાહુલ ગાંધી ભોગ બનેલાઓના પરિવાર સાથે ૪૦ મિનિટ રહ્યા : દલિતો પર હુમલાના બનાવ ખુબજ શરમજનક -રાહુલ ગાંધી : રાજકોટમાં સારવાર લેતા લોકોને મળ્યા : ભાજપ સરકાર પર રાહુલના આકરા પ્રહાર**

ઉના, તા.૨૧

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી આજે ઉના પહોંચ્યા હતા અને અત્યાચારનો શિકાર થયેલા દલિત પરિવારોના સભ્યો સાથે વાતચીત કરી હતી. આ ઉપરાંત ભોગ બનેલા લોકોને તમામ પ્રકારની મદદ કરવાની ખાતરી આપી હતી. રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું હતું કે તમામ સંબંધિત મદદ કરવામાં આવશે. રાહુલ ગાંધીએ ભાજપની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ઉપર પણ તેજાબી આક્ષેપો કર્યા હતા. રાહુલ ગાંધીની આજની યાત્રાને લઈને પહેલાથી જ ચર્ચા વિચારણા ચાલી રહી હતી. રાહુલ ગાંધીની યાત્રા પહેલા સઘન સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી હતી. રાહુલે પરિવારના સભ્યોની રજુઆતો સાંભળી હતી. ગુજરાતના જુદા જુદા ભાગોમાં દલિતો પર અત્યાચારના વિરોધમાં હાલમાં ભારે હિંસા ભડકી ઉઠી હતી. છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતમાં દલિતોમાં જોરદાર આક્રોશની સ્થિતિ જોવા મળી રહી છે. રાહુલ ગાંધી પહોંચ્યા ત્યારે દલિતોના મોટી સંખ્યામાં આગેવાનો પણ રહ્યા હતા. રાહુલે પરિવાર સાથે વાતચીત કરવા ઉપરાંત એક ચાર્ટ પેપરમાં કંઈ લખતે પણ નજરે પડ્યા હતા. રાહુલ સૌથી પહેલા આ ઘટનામાં મારા મારીનો શિકાર થયેલા યુવકો પૈકીના એક રમેશ સરવૈયાના આવાસે પહોંચ્યા હતા. રમેશના પિતાએ પોતાના પુત્ર અને તેમના મિત્રોને બચાવવાના પ્રયાસ કર્યા હતા ત્યારે તોફાની લોકોએ તેમના માથા પર ઈજા પહોંચાડી હતી. રમેશના પિતાના માથા પર પાટા સ્પષ્ટ પણે દેખાયા હતા. પીડિત પરિવારની એક મહિલા રાહુલ માટે ચા લઈને પણ આવી હતી. પીડિત પરિવારે મોડેથી ખાતરી આપી હતી કે રાહુલે તેમને ન્યાય અપાવવાની અને સંભવિત મદદ કરવાની ખાતરી આપી છે. રાહુલ સમગ્ર માહિતી એકત્રિત કરી છે. રાહુલ ગાંધી પીડિત પરિવારો સાથે આશરે ૪૦ મિનિટ સુધી રોકાયો હતો. ભારતમાં આ પ્રકારના હુમલા થઈ રહ્યા છે તે શરમજનક છે. રાહુલની સાથે કોંગ્રેસના નેતા કુમારી સેલજા, ગુરૂદાસ કામત પણ હતા.



ગીર સોમનાથ જિલ્લાના ઉના શહેર નજીક ગ્રામીણ વિસ્તારમાં પરિવારના સભ્યો સાથે રાહુલ ગાંધી ગંભીર રીતે દેખાયા હતા. રાહુલ ગાંધીએ પક્ષપાતના સંદર્ભમાં પણ જુદા જુદા પ્રશ્નો પુછીને વધુ માહિતી એકત્રિત કરી હતી. રાહુલ ગાંધીની આ યાત્રાને પણ મહત્વ આપવામાં આવી રહ્યું છે. મોડેથી રાહુલ ગાંધી રાજકોટ પણ પહોંચ્યા હતા જ્યાં ભોગ બનેલા લોકોને સારવાર આપવામાં આવી રહી છે.

ગુજરાત કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે મોડેથી કહ્યું હતું કે રાહુલ ભોગ બનેલાના પરિવારને સહાય તરીકે પાંચ લાખ રૂપિયા આપનાર છે. ગુજરાતમાં દલિતો પર અત્યાચારના વિરોધમાં હાલમાં ભારે હિંસા ભડકી હતી.

# રાજ્યમાં વિરોધ પ્રદર્શન યથાવત વધુ ત્રણ એસ.ટી. બસો સળગાવાઈ

**મહેસાણા, અમરેલી, ધોળકામાં જોરદાર દેખાવ : જુદા જુદા વિસ્તારોમાં તોફાની ટોળા સામે ફરિયાદો દાખલ કરવામાં આવી સુરેન્દ્રનગરમાં સેવા સદન પર પથ્થરમારો**

ઉના, તા.૨૧

ઉનામાં દલિતો પર અત્યાચરની ઘટનાના પડઘા હજુ પણ શાંત થયા નથી. આજે પણ વિરોધ પ્રદર્શન અને તોડફોડ, આગ ચાંપવાના બનાવોનો દોર જારી રહ્યો હતો. મહેસાણા હાઈવે પર કડી-કલોલ નજીક ત્રણ એસટી બસને આગ ચાંપી દેવામાં આવી હતી. બીજી બાજુ ધોળકામાં પણ તોડફોડ કરવામાં આવી હોવાના અહેવાલ મળ્યા છે. જેથી સ્થિતિ તંગદિલીપૂર્ણ રહી હતી. પ્રાપ્ત માહિતી મુજબ દલિતોની રેલી દરમ્યાન પોલીસે ટોળાને વિખેરવા માટે આ પ્રયાસો કર્યા હતા. જેથી અફડાતફડી મચી ગઈ હતી. હાઈવે પરથી પસાર થતી બસને રોકવામાં આવી હતી. પાટણના ચાણસ્મા નજીક પણ મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ ગયા હતા. જેથી સ્થિતિ તંગ બની હતી. લોકોએ ઘેરાવ કર્યો ત્યારે ટોળા ઉમટી પડ્યા હતા. બીજી બાજુ અમદાવાદ જિલ્લાના ધોળકામાં રેલી યોજવામાં આવી હતી. આ ગાળા દરમ્યાન તોડફોડના બનાવો પણ બન્યા હતા. તોફાનોનો દોર આજે પણ જારી રહેતા તંત્ર દ્વારા સાચવેતીના તમામ પગલાં લેવામાં આવ્યા હતા. ઉના રેલવે સ્ટેશન પર ઘેરાવો કરવામાં આવ્યો હતો. ટ્રેન પર ચડીને પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. બીજી બાજુ સૌરાષ્ટ્રના દલિત અસરગ્રસ્ત વિસ્તારોનો વધારાનો હવાલો પાંચ વરિષ્ઠ આઈપીએસ અધિકારીને સોંપી દેવામાં આવ્યો છે. ગીર સોમનાથ જિલ્લાનો વધારાનો હવાલો એસએમ કટારાને આપવામાં આવ્યો છે.











